ફો.મુ.નં. ૦૭/૧૯

આંક ૧ લગત હુકમ

એ.પી.પી.શ્રી. જયેશ યાદવને સાંભળ્યા, રેકર્ડ ધ્યાને લીધું. આ કામે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૪૨૭,૪૪૭ મુજબના ગુનાનુ તહોમતનામું તા.૨૭/૦૫/૧૮ ના રોજ દાખલ કરી ત્યારબાદ ચાર્જશીટ દાખલ કરાયેલું. ત્યારબાદ આરોપીને હાજર થવા પ્રોસેસ કાઢતા છેલ્લા અઢી વર્ષ ઉપરાંતથી આજ દીન સુધી બજી શકેલ નથી અને કેસની કાર્યવાહી છેલ્લા ૨ વર્ષથી આગળ વધી શકેલ નથી અને અમદાવાદમાં મેટ્રો રેલવે લાઈનનું કામ ચાલી આવતું હોય, જયાં કામ કરતા કામદાર પરપ્રાંતિય કામદારો કોવીડ–૧૯ ના સમયમાં પોતાના વતનમાં પરત  ચાલ્યા જતા ફ રીથી પરત ન આવતા તપાસ કરતા તેઓ મળી આવતા નથી. તેઓની જામીનખતની પ્રક્રિયા હા ધરતા. આરોપીના જામીન પણ મળી આવતા નથી. તેમજ આરોપી નજીકના ભવિષ્યમાં પણ મળી આવે તેમ નહી હોવાનું બજવણી અધિકારી જણાવેલ છે. શાહેદોને પણ પ્રોસેસ બજતા નથી. આ તબકકે નામદાર સુ.કોર્ટના રજીસ્ટ્રારશ્રી એ.જે.ચીમામી નાઓએ રેફરન્સ નં.ડી.૨૯૧૭/૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ માં સૂચના આપેલ છે કે, જયારે પોલીસ એજન્સી નોટિસ બજાવવામાં નિષ્ફળતા દર્શાવે તેવા સંજોગોમાં ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૮ નો ઉપયોગ કરવો જોઈએ અને મેજીસ્ટ્રેટ પેટી કેસીસમાં, ચલન કેસોમાં મેટ્રોપોલીટન સીટી કે ટાઉન પોલીસને આરોપીએ હાજર રાખવામાં નિષ્ફળ જાય તો, મેજીસ્ટ્રેટ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ નો ઉપયોગ કરી, આરોપી સામેનું પ્રોસીડીંગ્સ સ્ટોપ કરી શકશે. આ કેસ પણ નજીવા ગુના અંગેનો છે અને કેસનું ભારણ બિનજરૂરી રીતે અત્રેની કોર્ટને રહે છે. હાલ ના.સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના વડપણ હેઠળ આ સ્પેશીયલ સીટીગ્સનું આયોજન કરાયેલ છે. જેમાં સમરી કે સમન્સ ટ્રાયેબલ કેસોનો નિકાલ કરવા સુચના અપાયેલ છે. આ તમામ સંજોગોમાં આ કેસ આગળ ચલાવવાનો કોઈ અર્થ જણાતો નથી આરોપીઓ જો ભવિષ્યમાં મળી આવેતો ફરીથી આ કેસ દાખલ કરવાની શરતે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

હાલના કેસ લગત આરોપી વિરૂધ્ધની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ મુજબ પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી ભવિષ્યમાં મળી આવે તો પોલીસ નવેસરથી ચાર્જશીટ કરી શકશે.

ઉપરોકત હુકમ આજરોજ ૧૧ મી માહે  ડિસેમ્બર સને ૨૦૨૧ ના દિને જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૧/૧૨/૨૦૨૧

અધિક.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫, અમદાવાદ.
જજ કોડ નં. જીજે.૦૦૭૧૦